**ક્રિ.કેસ. નં. ૪૮૧/૨૦૧૨**

**-:: આંક-૧ લગત વધુ હુકમ ::-**

વિધ્વાન એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મે.જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનો તા.૦૬/૦૩/૨૦૨૪નો પત્ર હુકમ નં.ડીસી.એડી.એમ.મેટ્રોમેજી કોર્ટ લોકઅદાલત ડોરમેટ કેસ પરત/૨૦૨૪ થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનાએ આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીએ પરવાનગી માંગેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણા લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે. વધુમાં આ કેસમાં આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય, શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતુ ઘ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપુર્વક ચલાવી શકે તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિધ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરૂ છું.

**-: હુ ક મ :-**

આથી ક્રિ.પ્રો.કોડની કલમ-૩૨૧ અન્વયે વિધ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમનુસાર નિકાલ કરવો.

મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમનુસાર નિકાલ કરવો.

આરોપી જો રોકડ જામીન પર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડ નાણાં કબ્જે લીધેલ હોય તો તે અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવા.

આ કામે કોઈ મુદ્દામાલ કબ્જે લીધેલ હોય અને તે અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલ પૈકી હરાજીપાત્ર મુદ્દામાલ હોય તો અપીલ સમય બાદ જાહેર હરાજી કરી નાણાં સરકાર ખાતે ખાલસા કરવા.

જરૂરી યાદી સંબંધીત પો.સ્ટે.ને કરવી.

હુકમ આજ રોજ તા.૦૯ મી માહે- માર્ચ, સને-૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં જાહેર કરવામાં આવે છે.

તા. ૦૯/૦૩/૨૦૨૪ (પરેશગીરી નટવરગર ગોસ્વામી)
સ્થળ:-અમદાવાદ. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૧, અમદાવાદ.
UNIQUE CODE GJ-1037